**હોમગાર્ડ્ઝ તંત્રની બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ બટાલીયનોના મુખ્યમથક (હેડક્વાટર) વહીવટી સુવિધા માટે ફેરબદલ કરવા બાબત.**

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

**ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/સીએમ-૧૫/ફ**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ-૨૨/૦૩/૨૦૧૭

**વંચાણે લીધાઃ-**

(૧) ગૃહ વિભાગના તા.૨૪/૦૫/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૯/૨૧૨૫/ફ

(૨) ગૃહ વિભાગના તા.૧૨/૧૧/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/સીએમ-૧૫/ફ

(૩) ગૃહ વિભાગના તા.૧૯/૦૪/૨૦૧૨ ના ઠરાવ ક્રમાંકઃસગદ/૧૦૨૦૧૨/૫૫૪/ફ

(૪) ગૃહ વિભાગના તા.૧૩/૦૩/૨૦૦૯ ના ઠરાવ ક્રમાંકઃહગદ/૧૦૨૦૦૮/૧૧૫/ફ

(૫) ડાયરેકટર જનરલશ્રી હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય અમદાવાદના તા.૦૭/૦૬/૨૦૧૪ ના પત્ર ક્રમાંક : કજ/વહટ/૧૭૮/૩૮૯/૨૦૧૪

(૬) ડાયરેકટર જનરલશ્રી હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય અમદાવાદના તા.૨૧/૦૬/૨૦૧૬ ના પત્ર ક્રમાંક : કજ/વહટ/૧૭૮/૩૪૨/૨૦૧૬

**પ્રસ્તાવનાઃ-**

ડાયરેકટર જનરલ, સીવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝના નિયંત્રણ હેઠળ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા-બનાસકાંઠા ઉક્ત ક્રમાંક-૧ ના ઠરાવથી તેના આનુષંગિક મહેકમ તથા જરૂરી સાધન સામગ્રી, વાહનો વગેરે સાથે બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ માટે બનાવવામાં આવેલ દાંતીવાડા તાલીમ સેન્ટર ખાતે સ્થપાવમાં આવેલ અને ઉક્ત ક્રમાંક-૨ ના ઠરાવથી હોમગાર્ડઝના સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટમાં તબદીલ કરી તેનુ નામાભિધાન "કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ હોમગાર્ડ્ઝ ગુજરાત રાજ્ય" ઠરાવવામાં આવેલ હતું. ક્રમાંક ૪ તથા ૫ ના પત્રોથી ડાયરેકટર જનરલ હોમગાર્ડ્ઝ દ્વારા હોમગાર્ડ્ઝ સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ દાંતીવાડા-બનાસકાંઠાને બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ બટલીયન નં-૧ બનાસકાંઠાને પરત સોંપવા અંગેની દરખાસ્ત કરવામાં આવેલ છે.

ગૃહ વિભાગના તા.૧૯/૦૪/૨૦૧૨ ના ઠરાવથી બોર્ડરવીંગ હોમગાર્ડઝના પાર્ટ ટાઈમ જવાનોને સરકારના નિયમિત કર્મચારીઓ જેવા લાભો આપવામાં આવેલ છે. હાલ કાર્યરત બોર્ડરવીંગ હોમગાર્ડઝની બે બટાલીયનોની કચેરીઓ અનુક્રમે બટાલીયન નં-૧ પાલનપુર-બનાસકાંઠા તથા બટાલીયન નં-૨ ભુજ-કચ્છ ખાતે બેસે છે. જ્યારે તેઓ હસ્તકની કંપની કચેરીઓનું મુખ્યમથક અનુક્રમે દાંતીવાડા-પાલનપુર તથા રુદ્રમાતા-કચ્છ ખાતે આવેલ છે.જે જોતાં બટાલીયન કચેરીઓ તથા તે હેઠળની કંપની કચેરીઓ જુદા-જુદા સ્થળે બેસતી હોઈ વહીવટી, હિસાબી તથા કચેરી તેમજ કંપનીઓનાં સંકલનની કામગીરી યોગ્ય રીતે થાય તેમજ બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડ્ઝ હેઠળની કંપનીઓના સુચારૂ સંચાલન માટે બટાલીયન કચેરીના મુખ્યમથક તથા તે હેઠળની કંપની કચેરીઓના મુખ્યમથક એક જ સ્થાને હોય તો બટાલીયન સંબંધિત તમામ કામગીરી યોગ્ય રીતે થઈ શકે અને મકાન ભાડા, વીજળી બિલ, વાહનોના બળતણ વગેરેનો ખર્ચ બેવડાય નહીં.વધુમા બટાલીયન નં-૧ પાલનપુર માટે દાંતીવાડા ખાતે તથા બટાલીયન નં-૨ ભુજ-કચ્છ માટે રુદ્રમાતા ખાતે તમામ સુવિધાઓ આવાસો કચેરીઓ માટેની બેઠક વ્યવસ્થા વગેરે ઉપલબ્ધ હોઈ બટાલીયન કચેરીઓને હાલના અનુક્રમે પાલનપુર તથા ભુજ ખાતેથી બંધ કરી અનુક્રમે દાંતીવાડા તથા રુદ્રમાતા ખાતે ખસેડવાની બાબત વિચારણા હેઠળ છે.



Scanned by CamScanner

**ઠરાવ:-**

આ બાબતમાં કાળજી પૂર્વકની વિચારણાના અંતે ડાયરેકટર જનરલ હોમગાર્ડઝ હસ્તકની બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટાલીયન કચેરીઓ માટે નીચે મુજબના ફેરફારો કરવાનું ઠરાવવામાં આવે છે.

(૧) બટાલીયન નં-૧ બનાસકાંઠા જિલ્લાના પાલનપુર ખાતે હાલ કાર્યરત છે તેને દાંતીવાડા ખાતેના તાલીમકેન્દ્ર ખાતે તેના જરૂરી મહેકમ, વાહનો, સાધન સામગ્રી વગેરે સાથે તબદીલ કરવામાં આવે છે. હાલની બટાલીયન કચેરી પાલનપુર ખાતેનું સરકારી મકાન કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ પાલનપુરને પરત સોંપવા અંગેની કાર્યવાહી ખાતાના વડા દ્વારા કરવાની રહેશે.

(૨) બટાલીયન નં-૨ કચ્છ જિલ્લાના ભુજ ખાતે હાલ કાર્યરત છે તેને રુદ્રમાતા-કચ્છ ખાતેના તાલીમકેન્દ્ર ખાતે તેના જરૂરી મહેકમ, વાહનો, સાધન સામગ્રી વગેરે સાથે તબદીલ કરવામાં આવે છે. હાલની બટાલીયન કચેરી ભુજ-કચ્છ ખાતેનું સરકારી મકાન કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ ભુજ-કચ્છને પરત સોંપવા અંગેની કાર્યવાહી ખાતાના વડા દ્વારા કરવાની રહેશે.

(૩) ઉકત બન્ને તાલીમકેન્દ્રો બટાલીયન કચેરી, કમાન્ડન્ટ આવાસ તથા અધિકારી કર્મચારીઓ માટેના કવાટર્સ સાથેની તમામ સુવિધાઓથી સજ્જ હોઇ બટાલીયન કચેરીઓ તથા તેના તાબાની કંપની કચેરીઓની કામગીરીની સરળતા તેમજ વહીવટી અનુકુળતા જળવાય તે હેતુસર એક જ સ્થળે રાખવામાં આવે છે.

(૪) ઉપર મુજબની કાર્યવાહી પૂર્ણ કરી જણાવવામાં આવેલ સ્થળોએ બોર્ડરવીંગ હોમગાર્ડઝની બટાલીયન કચેરીઓ તા.૦૧/૦૪/૨૦૧૭ થી કાર્યરત કરવાની જવાબદારી ડાયરેકટર જનરલ હોમગાર્ડઝની રહેશે.

આ ઠરાવ સરખા ક્રમાંકની ફાઇલ પરની નાણા વિભાગની તા.૦૧/૦૩/૨૦૧૭ ની અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ઉમેશ શર્મા)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ

પ્રતિ,

- ડાયરેકટર જનરલશ્રી, સિવીલ ડીફેન્સ અને હોમગાર્ડઝ, ગુજરાત રાજય, અમદાવાદ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- કમાન્ડન્ટ, સેન્ટ્રલ ટ્રેનિંગ ઈન્સ્ટીટયુટ હોમગાર્ડઝ ગુજરાત રાજ્ય દાંતીવાડા-બનાસકાંઠા
- બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટાલીયન નં-૧ પાલનપુર-બનાસકાંઠા
- બટાલીયન કમાન્ડન્ટ બોર્ડરવીંગ હોમગાર્ડઝ બટાલીયન નં-૨ ભુજ-કચ્છ
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, પાલનપુર-બનાસકાંઠા/ભુજ-કચ્છ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- કાર્યપાલક ઈજનેરશ્રી,માર્ગ અને મકાન વિભાગ,પાલનપુર-બનાસકાંઠા/ભુજ-કચ્છ.
- શાખા સિલેક્ટ ફાઇલ.



Scanned by CamScanner